સરકારી, બિન સરકારી માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શાળાના શૈક્ષણિક
કર્મચારીઓના નોર્મ્સ સુધારવા બાબત.

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંક:બમશ-૧૧૯૯-૧૬૫-ગ,
સચિવાલય, ગાંધીનગર.
તા. 18 MAY 1999

વંચાણે લીધા :(૧) નાણાં વિભાગના તા.૯-૯-૯૮ ના ઠરાવ ક્રમાંક:ખરચ-૧૦૯૮-૭૦૪(૫૮)-ઝ.૧
(૨) શિક્ષણ અને મજૂર વિભાગના તા.૨૯-૫-૭૬ ના સરકારી ઠરાવ નં.ઇડીએસ-૯૧૭૫-૧૭૫૯૭-બી
(૩) શિક્ષણ અને મજૂર વિભાગની તા.૧૬-૭-૭૪ ની અધિસૂચના ક્રમાંક:એસઇએ-૧૦૭૩-૧૧૮૯૯-જી
(૪) શિક્ષણ વિભાગના તા.૭-૬-૭૭ ના પત્ર નં. એસએસએન-૫૦૭૭-૩૫૯૯૩-જી
(૫) શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક:જીએસી-૧૦૭૭-૫૦૩૭૭-ગ, તા.૬-૮-૭૭.
(૬) શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક:ઉમશ-૯૧૭૭-૫૦૨૩૧-ગ.૧, તા.૮-૨-૮૦
(૭) ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીના પત્ર નં.અનદ-૧-ધ-ગ્રાન્ટ-કરકસર-૧૨૨, તા.૭-૧-૯૯

સંદર્ભ-૧ માં જણાવેલ નાણાં વિભાગના તા.૯-૯-૯૮ ના ઠરાવથી કરકસર અંગેની સૂચનાઓ અનુદાન મેળવતી સંસ્થાઓને પણ લાગુ પાડવામાં આવેલ છે. આ ઠરાવના મુદ્દા-બ ના ફકરા-૪ માં દરેક સંવર્ગના નોર્મ્સ સુધારવા બાબતની સૂચના છે.

આ સૂચનાઓ સંદર્ભમાં સંદર્ભ-૭ માં જણાવેલ ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીના તા.૭-૧-૯૯ ના પત્રથી બિન સરકારી માધ્યમિક/ ઉચ્ચતર માધ્યમિક શાળાઓની શૈક્ષણિક સંવર્ગોની જગ્યાઓનો સંવર્ગવાર ૨૦ ટકા કાર્યબોજમાં વધારો કરી નવા નોર્મ્સ નક્કી કરવાની દરખાસ્ત કરવામાં આવેલ છે.

બિન સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં સરકારશ્રીએ કરેલ પુખ્ત વિચારણા બાદ શૈક્ષણિક અને બિન શૈક્ષણિક મહેકમનું પ્રમાણ નીચે મુજબ રાખવાનું ઠરાવવામાં આવે છે.

ઠ રા વ (અ)

બિન સરકારી માધ્યમિક શાળાઓ માટેના માધ્યમિક વિભાગના શિક્ષકો માટેના ગ્રાન્ટ ઇન એઇડ કોડની ક્લમ-૫૫ (૧) માં નીચે મુજબ દર્શાવ્યા પ્રમાણે સુધારવાનું આથી સરકાર ઠરાવે છે.

..૨..

૫૫.૧ શાળાનું કદ વૈકલ્પીક અભ્યાસક્રમોની વ્યવસ્થા અને શાળામાં શીખવવામાં આવતા વિષયો પ્રમાણે શાળાએ પુરતી સંખ્યામાં સારી અને જરુરી લાયકાત ધરાવતા શિક્ષકો રાખવાના રહેશે. શિક્ષકોની સંખ્યા અને વર્ગો વચ્ચેનું પ્રમાણ નીચે મુજબનું રહેશે.

| વર્ગોની સંખ્યા | શિક્ષકોની સંખ્યા | વર્ગોની સંખ્યા | શિક્ષકોની સંખ્યા. |
|---|---|---|---|
| ૧ | ૧.૫ | ૧૧ | ૧૩ |
| ૨ | ૩ | ૧૨ | ૧૪ |
| ૩ | ૪.૫ | ૧૩ | ૧૬ |
| ૪ | ૫ | ૧૪ | ૧૭ |
| ૫. | ૬ | ૧૫ | ૧૮ |
| ૬ | ૭ | ૧૬ | ૧૯ |
| ૭ | ૮. | ૧૭ | ૨૦ |
| ૮ | ૧૦ | ૧૮ | ૨૨ |
| ૯ | ૧૧ | ૧૯ | ૨૩ |
| ૧૦ | ૧૨ | ૨૦ | ૨૪ |

જો શાળામાં દરેક ધોરણનો એક વર્ગ હોય ત્યાં સુધી ૧.૫ ના રેશીયાનું આગાઉનું ધોરણ યથાવત રાખવાનું રહેશે તથા ઉપર જણાવેલ ક્રમ-૧ અને ૩ માં જણાવેલ વર્ગોવાળી શાળાઓમાં અર્ધા શિક્ષકને છૂટો કરવાનો નથી, પરંતુ શાળાના વિકાસ સાથે વર્ગો વધતાં તેવા શિક્ષકને બીજો વર્ગ શરુ થતાં પૂર્ણકાલીન શિક્ષક તરીકે સમાવવાનો રહેશે. પૂર્ણકાલિન શિક્ષકે દર અઠવાડીએ ઓછામાં ઓછુ ૨૫ કલાક જેટલું ખરેખર શૈક્ષણિક કાર્ય કરવાનું રહેશે. ઉપર મુજબ શિક્ષક દીઠ જો પૂરતું શૈક્ષણિક કાર્ય શાળામાં ઉપલબ્ધ ન હોય તો તેના પ્રમાણમાં ઓછા શિક્ષકો રાખવાના રહેશે.

ઠ રા વ :-બ
---

બિન સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં સંદર્ભ-૬ થી શિક્ષકનું પ્રમાણ ઠરાવેલ છે. તેમાં નીચે મુજબ સુધારો કરવાનું ઠરાવવામાં આવે છે.

સામાન્ય પ્રવાહ/ વિજ્ઞાન પ્રવાહ, ઉચ્ચતર બુનિયાદી પ્રવાહની માધ્યમિક શાળાઓમાં વર્ગોના પ્રમાણમાં શિક્ષકોનું પ્રમાણ નીચે મુજબનું રહેશે.

| વર્ગોની સંખ્યા | શિક્ષકોની સંખ્યા (ઉદ્યોગ શિક્ષક સહીત) | વર્ગોની સંખ્યા | શિક્ષકોની સંખ્યા (ઉદ્યોગ શિક્ષક સહીત) |
|---|---|---|---|
| ૧. | ૨ | ૯ | ૧૮ |
| ૨ | ૪ | ૧૦ | ૨૦ |
| ૩ | ૬ | ૧૧ | ૨૧ |
| ૪ | ૮ | ૧૨ | ૨૨ |
| ૫ | ૧૦ | ૧૩ | ૨૨ |
| ૬. | ૧૨ | ૧૪ | ૨૩ |
| ૭ | ૧૪ | ૧૫ | ૨૪ |
| ૮. | ૧૬ | | |

પૂર્ણકાલીન શિક્ષકે દર અઠવાડીયે ઓછામાં ઓછુ ૨૪ કલાક જેટલું ખરેખર શિક્ષણ કાર્ય કરવાનું રહેશે.

ઉપર મુજબનું શિક્ષક દીઠ જો પુરતું શૈક્ષણિક કાર્ય શાળામાં ઉપલબ્ધ ન હોય તો તેના પ્રમાણમાં ઓછા શિક્ષકો રાખવાના રહેશે. ઠરાવના પારા-અ અને બ ના અમલને કારણે વધારાના થતા શૈક્ષણિક કર્મચારીઓને જિલ્લા શિક્ષણાધિકારીશ્રીએ ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીના માર્ગદર્શન હેઠળ જીલ્લાની/ રાજ્યની માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં આવી ખાલી પડતી/ નવી જગ્યાઓ પર સમાવવાના રહેશે.

આ ઠરાવનો અમલ શૈક્ષણિક વર્ષ જુન-૧૯૯૯ ના સત્રથી કરવાનો રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( બી. કે. ભટ્ટ)
ઉપ સચિવ,
શિક્ષણ વિભાગ.

પ્રતિ,

૧: માનનીય રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
૨: માનનીય મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
૩: માનનીય શિક્ષણ મંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
૪: ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
૫: બધા જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ.
૬: એકાઉ-ટન્ટ જનરલ, ગુજરાત, અમદાવાદ/ રાજકોટ.
૭: પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર, અમદાવાદ.
૮: નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર, અમદાવાદ.
૯: નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૧૦: રજીસ્ટ્રારશ્રી, ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ, અમદાવાદ.
૧૧: સંબંધીત સરકાર માન્ય સંઘો, (ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રી મારફત)
૧૨: ડી. એસ. ઓ. ફાઈલ.
૧૩: સીલેકટ ફાઈલ -ગ.શાખા.

કોષ્ટી: